પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 31-01-2025 **Midday : 2.30 TO 2.35**

Day : Friday **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

LOCAL ELECTION

ગાંધીનગર તાલુકા પંચાયતની 28 બેઠકોમાંથી પાંચ બેઠકોમાં વધુ છ ફોર્મ ભરવામાં આવ્યા. શાહપુર, ધણપ, અડાલજ-2, પીપળજ અને વલાદ બેઠકમાંથી ઉમેદવારોએ ફોર્મ ભર્યા છે. વલાદ બેઠક પર ભાજપમાંથી બે, જ્યારે શાહપુર, ધણપ, અડાલજ-2 અને પીંપળજમાંથી કોંગ્રેસના ઉમેદવારોએ ફોર્મ ઉમેદવારી નોંધાવી છે.

આ તરફ મહીસાગર જિલ્લામાં ચૂંટણીને લઈને આચારસંહિતાના અમલ માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટે જાહેરનામું બહાર પાડ્યું છે. જેમાં ચૂંટણી દરમિયાન સરકારી તથા બોર્ડ નિગમોના વાહનોનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ લગાવાયો છે.

તાપી જિલ્લાના અમારા પ્રતિનધિ નિરવ કંસારા જણાવે છે કે, સોનગઢ નગરપાલિકાની ચૂંટણીની તૈયારી શરૂ કરવામાં આવી છે. તાપી સેવાસદન ખાતેથી પોલીસ બંદોબસ્ત વચ્ચે મત પેટીઓને લઈ જવામાં આવી છે. સાત વોર્ડની 28 બેઠક પર ચૂંટણી યોજાશે.

. . . . . .

Local election leaves

16 ફેબ્રુઆરીએ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ, જિલ્લા પંચાયતો અને તાલુકા પંચાયતોની સામાન્ય, મધ્યસત્ર અને પેટા ચૂંટણીનાં મતદાનનાં દિવસે શ્રમયોગીઓ-કર્મચારીઓને વારાફરતી ત્રણ કલાકની ખાસ રજા આપવા રાજયના શ્રમ આયુકતની કચેરીની યાદીમાં જણાવાયું છે.

આ દિવસે જે તે વિસ્તારમાં ગુજરાત શોપ્સ એન્ડ એસ્ટાબ્લીશમેન્ટસ એકટ-૨૦૧૯ હેઠળ નોંધાયેલી સંસ્થાઓના કર્મચારીઓ પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. જે દિવસે અઠવાડિક રજા હોય તે દિવસે સંસ્થાઓ ચાલુ રાખીને અવેજીમાં કે બદલીમાં મતદાનના દિવસે રજા આપવાની રહેશે તેમ યાદીમાં જણાવાયું છે.

. . . . . .

GANDHINAGAR CYBER ACCUSED

રોકાણની લાલચ આપી સાયબર ગુના આચરતા 5 લોકોને ગાંધીનગર સાયબર સેલે મુંબઈથી ઝડપી લીધા છે. આ આરોપીઓ મુંબઈથી કોલ સેન્ટર ચલાવતા હતા અને કોલ કરીને રોકાણની લાલચ આપતા હતા. આ અંગે સાયબર સેલના પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માએ વધુ માહિતી આપતા આ મુજબ જણાવ્યું.

(બાઇટ: ધર્મેન્દ્ર શર્મા - એસપી સાઈબર સેલ)

. . . . . .

E Gram Vishvgram

રાજ્ય સરકાર દ્વારા વર્ષ 2007-08થી ઇ-ગ્રામ વિશ્વગ્રામ યોજના અમલમાં મૂકવામાં આવી છે. હવે પંચાયત દ્વારા ગ્રામજનોને 67 પ્રકારનાં પ્રમાણપત્ર 20 રૂપિયામાં આપવામાં આવશે. ગ્રામજનોને ગામડામાં જ ક્રિમિલેયર, આવકનો દાખલો, રેશનકાર્ડમાં ફેરફાર, કેરેક્ટર સર્ટિફિકેટ મળી જશે. આ માટે તાલુકા-જિલ્લા કક્ષાએ ધક્કો નહીં ખાવો પડે. આ માટે નાગરિકોએ ઇ-ગ્રામ પંચાયત મારફત ફોર્મ ભરવાનું રહેશે અને પછી આ ફોર્મ જે તે તાલુકા કક્ષાના અધિકારીઓને સબમિટ થશે અને પછી તેમની સહી થઇને પરત આવતા નાગરિકોને આ પ્રમાણપત્ર મળશે

આ યોજના મારફત ગ્રામપંચાયતોમાં વીસીઇ-વિલેજ કોમ્પ્યુટર એન્ટરપ્રિન્યોર મારફત ઇ-ગ્રામ સેવા પૂરી પાડવામાં આવે છે.

. . . . . .

Rajkot Budget

મ્યુ કમિશનર તુષાર સુમેરાએ રાજકોટ મહાનગરપાલિકાનું વર્ષ 2025- 26નું 3112 કરોડ રૂપિયાનું અંદાજપત્ર રજૂ કર્યું હતું. તેમણે 150 કરોડ રૂપિયાનો વધારાનો વેરો વસુલવાનું સૂચન કર્યું છે. રાજકોટ ટી આર પી ગેમ ઝોન બાદ મનપાએ રાજ્યમાં પ્રથમ વખત ફાયર ટેક્ષ વસૂલવાનું સૂચન કર્યું છે. આ ઉપરાંત, ડોર ટુ ડોર કચરાનાં કલેક્શન પર ટેકસમાં વધારો કરવાની દરખાસ્ત છે.

કાર્પેટ એરિયા ટેકસમાં પણ સુધારો કરવામાં આવ્યો છે. મિલકત વેરામાં પણ બોજો આવશે. બજેટમાં 700 કરોડ રૂપિયાથી વધુની જમીન વેચાણ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો છે. 30 હેક્ટર જમીનમાં નિર્માણ પામી રહેલા એશિયાટિક લાયન સફારી પાર્ક માટે આશરે 36 કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. રહેણાંક માટે વાર્ષિક ચાર્જ રૂપિયા 365 રૂપિયાથી વધારીને 1460 રૂપિયા અને બિન રહેણાંક માટે વાર્ષિક રૂપિયા 1460 માંથી 2920 રૂપિયા વસુલવાનું સૂચન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત, રાજકોટના કુવાડવા રોડ, ગોંડલ રોડ અને જામનગર રોડ પર સૌંદર્યીકરણનાં ભાગરૂપે પ્રવેશદ્વાર બનાવવામાં આવશે.

. . . . . .

MAHISAGAR-PM KUSUM-BENEFICIARY

પ્રધાનમંત્રી કુસુમ –બી યોજના અંતર્ગત જે લાભાર્થીઓને વન વિભાગ દ્વારા સનદ હેઠળ જમીન મળેલ છે તેવા આદિવાસી વિસ્તારના ખેડૂતોને સોલાર પંપ સેટ વીજ જોડાણનો નિ:શુલ્ક લાભ આપવામાં આવે છે. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાનાં અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તારમાં આવેલ મોટા પડાદરા ગામના લાભાર્થી અરજણભાઈ પગીના પરિવારે આ યોજનાનો લાભ મેળવવાથી ખૂબ ખુશી વ્યકત કરી હતી. પી.એમ. કુસુમ યોજના હેઠળ તેમને વિનામૂલ્યે સોલાર પંપ સેટ લગાવી આપવામાં આવ્યો હતો.

(બાઇટ -- અરજણભાઈ પગી, લાભાર્થી)

ઉલ્લેખનીય છે કે આ યોજના અંતર્ગત મહીસાગર જીલ્લામાં અત્યાર સુધી MGVCL દ્વારા ૧૧૩ સોલાર પંપ સેટ વીજ જોડાણ આપવામાં આવ્યા છે અને હાલમાં ૬૦ સોલાર વીજ જોડાણ આપવાની કામગીરી પ્રગતિમાં છે. આ યોજનાનો લાભ લઈને અનેક ખેડૂતો પ્રદૂષણમુક્ત વીજળીનો ઉપયોગ કૃષિમાં કરી રહ્યા છે.

. . . . . .

MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....